સત્યમેવ જયતે

**આંક :-_____**

GJJN020061622022

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| કેસ પ્રાપ્તિ તારીખ : | | | | ૦૬/૦૮/૨૦૨૨. | | |
| કેસ દાખલ તારીખ : | | | | ૦૬/૦૮/૨૦૨૨. | | |
| કેસ નિર્ણિત તારીખ : | | | | ૩૦/૦૬/૨૦૨૬. | | |
| અવધિ | ૦૩ | વર્ષ | ૧૦ | માસ | ૨૪ | દિવસ |

**જુનાગઢના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની અદાલત સમક્ષ,**

**મું. જુનાગઢ.**

**ફોજદારી કેસ નં.૫૧૨૦/૨૦૨૨.**

**શ્રી સરકાર**

(મુળ ફરિયાદી : કરશનભાઈ જીવાભાઈ કરમટા પો.કોન્સ.)

(જુનાગઢ એ.ડીવીઝન પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર

નંબર : ૧૧૨૦૩૦૨૩૨૨૦૪૮૨/૨૦૨૨) **– ફરિયાદી.**

**વિરૂધ્ધ.**

**૧)વાહીદ રજાકભાઈ કુરેશી**

ઉ.વ.આ. ૨૯,

રહેવાસી : કેમ્બ્રીજ સ્કુલ પાસે, હિંગળાજ કિરાણા સ્ટોરની બાજુમાં, જુનાગઢ.

**૨)આમીર કારાભાઈ સાંધ**

ન્યાયિક મેજીસ્ટ્રેટ પ્રથમ વર્ગ,જુનાગઢ.

ઉ.વ.આ.૨૧,

રહેવાસી : યોગેશ્વર નગર, આયુર્વેદિક ફાર્મસી પાછળ, જોષીપરા, જુનાગઢ.

**૩)શાહનવાઝશા દાઉદશા બાનવા**

ઉ.વ.આ.૨૨,

રહેવાસી : હનુમાનવાળી ગલીમાં, ધરાનગર, જુનાગઢ **– આરોપી.**

**આરોપ :–** ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૬૫(એ)(એ), ૮૧, ૯૮(૨).

---

ફરિયાદ પક્ષ તરફે :– વિધવાન સરકારી વકિલશ્રી ડી.બી.પંચાલ

આરોપી તરફે :– વિધવાન વકીલશ્રી એ.એમ. મકરાણી

---

**–:: ચુ કા દો ::–**

**(૧)** ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીએ ગઈ તા. ૧૨/૦૫/૨૦૨૨ નારોજ કલાક ૨૩/૧૦ વાગ્યે જુનાગઢ ગીરનાર દરવાજા રોડ ફાયર સ્ટેશન પાસે જાહેરમાં રોડ ઉપર પોતાના હવાલાની મોપેડ મોટર સાયકલ રજીસ્ટર નં. જીજે–૦૩–એચ.એન–૩૭૦૮ ની કિં.રૂ.૨૫,૦૦૦/– વાળીમાં ગેર કાયદેસર રીતે ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલો નંગ ૨૩ કિં.રૂ.૯૨૦૦/– તથા મોબાઈલ ફોન ૪ કિં.રૂ.૧૧૦૦૦/– મળી કુલ કિં.રૂ.૪૫,૨૦૦/– નો પ્રોહી મુદામાલ પોતાના કબજામાં રાખી આરોપી નં.૧ તથા આરોપી નં.૨ નાઓ હેરાફેરી કરતા પકડાઈ જઈ તેમજ આરોપી નં.૩ નાઓએ સદરહુ ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો આપી તેમજ આરોપી નં.૩ નાઓએ નહી પકડાયેલ આરોપી પાસેથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો મંગાવી એકબીજાની મદદગારી કરી ગુન્હો કરી ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૬૫(એ)(એ), ૮૧, ૯૮(૨) મુજબનો ગુન્હો કરેલ છે.

(૨) સદરહુ ગુન્હાની ફરીયાદ ફરીયાદીએ જુનાગઢ એ.ડીવીઝન પોલીસ સ્ટેશનમાં આપતા, જુનાગઢ એ. ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ-૬૫(એ)(એ), ૮૧, ૯૮(૨) મુજબનો ગુન્હો દાખલ થયેલ અને તપાસ કરનાર અમલદારે તપાસ દરમિયાન લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ, તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ ઉપરોકત ગુન્હાનું ચાર્જશીટ અદાલતમાં રજુ કરેલ છે.

(૩) આ કામના આરોપીઓને ધોરણસર સમન્સ બજી જતા, તે અન્વયે તેઓ અત્રેની અદાલતમાં ઉપસ્થિત થતા, તેઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહીતાની કલમ-૨૩૦ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવેલી. ત્યારબાદ આંક-૯ થી તહોમતનામું ફરમાવી આંક-૧૦ થી ૧૨ આરોપીઓની પ્લી નોંધવામાં આવતા, આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરતા, આરોપીઓ સામેના ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૪) સદરહુ ગુન્હાઓનાં આક્ષેપો સાબિત કરવા માટે ફરિયાદ પક્ષ દ્વારા નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો :-</u>**

| ક્રમ | સાહેદ | આંક |
|---|---|---|
| (૧) | પંચસાહેદ ઈર્શાદઅલી પીરમીયા બુખારીની સોગંદ પરની જુબાની | ૨૫ |
| (૨) | પંચસાહેદ સાકીર મહમદભાઈ બેલીમની સોગંદ પરની જુબાની | ૨૭ |
| (૩) | ફરીયાદી કરશનભાઈ જીવાભાઈ કરમટાની સોગંદ પરની જુબાની | ૨૯ |
| (૪) | સાહેદ ડાયાભાઈ કાનાભાઈ કરમટાની સોગંદ પરની જુબાની | ૪૩ |
| (૫) | સાહેદ નિકુલભાઈ મહેશભાઈ પટેલની સોગંદ પરની જુબાની | ૪૬ |
| (૬) | સાહેદ જીતેષભાઈ હાજાભાઈ મારૂની સોગંદ પરની જુબાની | ૪૭ |

**<u>દસ્તાવેજી પુરાવો :-</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| (૧) | પંચનામું | ૨૬ |
| (૨) | ફરીયાદ | ૩૦ |
| (૩) | પ્રથમ માહિતી અહેવાલ | ૩૧ |

**(૫)** ફરિયાદ પક્ષ તરફથી ઉપર પ્રમાણેનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે. વિ.એ.પી.પી.શ્રીએ પુરાવો પુરો થયાનું મૌખિક વિનંતીથી જણાવેલ છે. રજૂ થયેલ પુરાવાના આધારે ભારતીય નાગરિક સુરક્ષા સંહીતાની કલમ-૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવતા, આરોપીએ પ્રથમ સવાલનો જવાબ હકારમાં આપી જણાવેલ કે, આ કામે રજુ થયેલ પુરાવા તેમના અથવા તો તેમના વિદવાન વકીલશ્રીના રૂબરૂમાં લેવામાં આવેલ છે. આરોપીએ, ફરિયાદ પક્ષના પુરાવાનો ઈન્કાર કરી બચાવના સાક્ષી તપાસવાનો અને જાતે સોગંદ ઉપર પુરાવો આપવાનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે તેઓના પર ખોટો કેસ કરેલ છે.

**(૬)** ત્યારબાદ ફરિયાદ પક્ષે સરકારી વિધવાન વકીલશ્રી અને આરોપી તરફે વિધવાન વકીલશ્રી નાઓની મૌખિક દલીલો સાંભળી. સરકારી વિધવાન વકીલશ્રી ની દલીલ એવી છે કે ફરીયાદપક્ષે આરોપી સમક્ષ આક્ષેપીત ગુનાઓનો વાજબી શંકાથી પર પુરવાર કરેલ છે, જયારે આરોપી તરફે વિધવાન વકીલશ્રી એ રજુઆત કરેલ કે ફરીયાદપક્ષ આરોપી સામે કેસ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે અને તેઓના કેસ માં શંકા ઉત્પન્ન થયેલ છે.

**(૭)** ફરિયાદ પક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ ફરિયાદના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબનાં મુદાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, આરોપીએ ગઈ તા. ૧૨/૦૫/૨૦૨૨ નારોજ કલાક ૨૩/૧૦ વાગ્યે જુનાગઢ ગીરનાર દરવાજા રોડ ફાયર સ્ટેશન પાસે જાહેરમાં રોડ ઉપર પોતાના હવાલાની મોપેડ મોટર સાયકલ રજીસ્ટર નં. જીજે–૦૩–એચ.એન–૩૭૦૮ ની કિં.રૂ.૨૫,૦૦૦/– વાળીમાં ગેર કાયદેસર રીતે ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલો નંગ ૨૩ કિં.રૂ.૯૨૦૦/– તથા મોબાઈલ ફોન ૪ કિં.રૂ.૧૧૦૦૦/– મળી કુલ કિં.રૂ.૪૫,૨૦૦/– નો પ્રોહી મુદામાલ પોતાના કબજામાં રાખી આરોપી નં.૧ તથા આરોપી નં.૨ નાઓ હેરાફેરી કરતા પકડાઈ જઈ તેમજ આરોપી નં.૩ નાઓએ સદરહુ ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો આપી તેમજ આરોપી નં.૩ નાઓએ નહી પકડાયેલ આરોપી પાસેથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો મં ગાવી એકબીજાની મદદગારી કરી ગુન્હો કરી ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૬૫(એ)(એ), ૮૧, ૯૮(૨) મુજબનો ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદાઓ પરત્વે મારા નિર્ણય નીચે જણાવેલ કારણસર નીચે મુજબ છે.

મુદા નં.(૧) : **નકારમાં.**

મુદા નં.(૨) : **આખરી હુકમ મુજબ.**

(૯) <u>કાયદાકીય બિંદુઓના અનુધાને રજુ થયેલ પુરાવાઓનુ મુલ્યાંકન અને કારણો</u>

**(૯.૧)** ફરીયાદ પક્ષ તરફે મુદામાલ કબજે કરી આરોપીઓને અટક કર્યાના પંચનામાના પંચ સાહેદ ઈર્શાદઅલી પીરમીંયા બુખારીને આંક–૨૫ થી તથા પંચ સાહેદ સાકીર મહમદભાઈ બેલીને આંક–૨૭ થી તપાસેલ છે. સદરહુ પંચ સાહેદ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, પોલીસ સ્ટેશન પાસેથી જતા હતા ત્યારે પોલીસે તેઓને બોલાવી એક તૈયાર પંચનામામાં સહી કરવાનુ કહેતા સહી કરી આપેલ પંચનામાની વિગત અંગે તેઓ કઈ જાણતા નથી કે તેઓની હાજરીમાં કોઈ પંચનામુ કરેલ હોય તેવુ બનેલ નથી. તેઓને પંચનામુ બતાવવામાં આવતા તેમા તેઓની પંચ તરીકે સહી ઓળખે છે.

**(૯.૨)** ફરીયાદ પક્ષે આંક–૨૯ થી ફરીયાદી કરશનભાઈ જીવાભાઈ કરમટાને તપાસવામાં આવેલ છે. સદરહુ સાહેદે પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા. ૧૨/૦૫/૨૨ નારોજ તેઓ જુનાગઢ એલસીબી માં પી.સી. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન દિવાન ચોકમાં આવતા બાતમી મળેલી કે બે ઈસમો મોટર સાયકલ નં. જીજે–૩–એચ.એન–૩૭૦૮માં ગેર કાયદેસર દારૂનો જથ્થો લઈ જતા હોય બે પંચો રૂબરૂ પ્રાથમિક પંચનામુ કરી સ્ટાફ સાથે ગિરનાર દરવાજા પાસે વોચમાં રહેલા અને આ ઉપરોકત નંબરવાળુ બાઈક આવતા ઉભુ રાખી પંચો રૂબરૂ નામ પુછતા એકે વાહીદ અને બીજાએ આમીર જણાવેલ અને મોટર સાઈકલમાના થેલામાં તેમજ ડીકીમાં ચેક કરતા ભારતીય બનાવટનો વિદેશી દારૂની પેટી અને છુટી બોટલો મળી આવેલ જે અલગ અલગ બ્રાન્ડની હતી જે અંગે પાસ પરમીટ માગતા કોઈ આધાર પુરાવો રજુ કરેલો નહી. જેમા છુટી બોટલોમાં ૧) મેક ડોવેલ નં. ૧ ની ૭૫૦ એમ.એલ ની ૧૨ ૨) ઓલ સીઝન વ્હીસ્કીની ૭૫૦ એમ.એલ ની ૬ ૩) ગ્રેવીટી ૭૫૦ એમ.એલ. ની ૫. આમ કુલ બોટલો નંગ ૨૩ કિં.રૂ. ૯૨૦૦/– ગણી તેમજ તેની પાસેના ૪ મોબાઈલની કિં.રૂ. ૧૧,૦૦૦/– ગણી તેમજ તેની પાસેનું મોટર સાઈકલની કિં.રૂ.૨૫,૦૦૦/– ગણી કુલ ૪૫,૦૦૦/– નો મુદામાલ પંચો રૂબરૂ પંચનામાની વિગતે કબજે લઈ આરોપીઓને હસ્તગત કરવામાં આવેલ. આ બાબતે તેઓએ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી, આ ફરીયાદ અન્વયે પોલીસ સ્ટેશનમાં ગુ.રજી.નં.૪૮૨/૨૨ થી પ્રોહી કલમ ૬૫ એએ મુજબનો ગુનો પી.એસ.ઓ.એ રજીસ્ટર કરેલ. આ કામે અન્ય આરોપીનુ નામ પણ ખુલેલુ.

સદરહું ફરીયાદીની બચાવપક્ષે આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ કે, બનાવવાળો વિસ્તાર જાહેર વિસ્તાર છે ત્યાં સતત વાહનોની અવર જવર રહે છે. વધુમાં સ્વીકારેલ છે કે તેઓની ફરીયાદમાં રેડ દરમ્યાન કયા વાહનમાં ગયેલા તે ખાનગી વાહન કોની માલિકીનુ હતુ તે વાહનના નંબર જણાવેલા નથી અને આ કામના આરોપીના નામનુ કોઈ સાહિત્ય કે ડોકયુમેન્ટ વાહનમાંથી મળી આવેલ હોય તેવુ બનેલ નથી.

(૯.૩) આ સિવાય, ફરીયાદ પક્ષે આંક–૪૩ થી સાહેદ ડાયાભાઈ કાનાભાઈ કરમટાને તપાસવામાં આવેલ છે. સદરહુ સાહેદે પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા. ૧૨/૦૫/૨૨ નારોજ તેઓ જુનાગઢ એલસીબી માં પી.સી. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન દિવાન ચોકમાં આવતા બાતમી મળેલી કે બે ઈસમો મોટર સાયકલ નં. જીજે–૩–એચ.એન–૩૭૦૮માં ગેર કાયદેસર દારૂનો જથ્થો લઈ જતા હોય બે પંચો રૂબરૂ પ્રાથમિક પંચનામુ કરી સ્ટાફ સાથે ગિરનાર દરવાજા પાસે વોચમાં રહેલા અને આ ઉપરોકત નંબરવાળુ બાઈક આવતા ઉભુ રાખી પંચો રૂબરૂ નામ પુછતા એકે વાહીદ અને બીઢ જાએ આમીર જણાવેલ અને મોટર સાઈકલમાના થેલામાં તેમજ ડીકીમાં ચેક કરતા ભારતીય બનાવટનો વિદેશી દારૂની પેટી અને છુટી બોટલો મળી આવેલ જે અલગ અલગ બ્રાન્ડની હતી જે અંગે પાસ પરમીટ માગતા કોઈ આધાર પુરાવા રજુ કરેલા નહી. જેમા છુટી બોટલોમાં ૧) મેક ડોવેલ નં. ૧ ની ૭૫૦ એમ.એલ ની ૧૨ ૨) ઓલ સીઝન વ્હીસ્કીની ૭૫૦ એમ.એલ ની ૬ ૩) ગ્રેવીટી ૭૫૦ એમ.એલ. ની ૫. આમ કુલ બોટલો નંગ ૨૩ કિં.રૂ. ૯૨૦૦/– ગણી તેમજ તેની પાસેના ૪ મોબાઈલની કિં.રૂ. ૧૧,૦૦૦/– ગણી તેમજ તેની પાસેનું મોટર સાઈકલની કિં.રૂ. ૨૫,૦૦૦/– ગણી કુલ ૪૫,૨૦૦/– નો મુદામાલ પંચો રૂબરૂ પંચનામાની વિગતે કબજે લઈ આરોપીઓને હસ્તગત કરવામાં આવેલ અને તેઓની સાથેના કરશનભાઈએ પોલીસ સ્ટેશનમાં આરોપી વિરૂઘ્ધ પ્રોહી કલમ ૬૫ એએ મુજબનો ગુનો રજીસ્ટર કરવા ફરીયાદ આપેલ તપાસ કરનાર અમલદારે તેઓનું નિવેદન લીઘેલ.

સદરહું સાહેદની બચાવપક્ષે આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ કે, બનાવવાળો વિસ્તાર જાહેર વિસ્તાર છે ત્યાં સતત વાહનોની અવર જવર રહે છે. વધુમાં સ્વીકારેલ છે કે તેઓની ફરીયાદમાં રેડ દરમ્યાન કયા વાહનમાં ગયેલા તે ખાનગી વાહન કોની માલિકીનુ હતુ તે વાહનના નંબર જણાવેલા નથી અને આ કામના આરોપીના નામનુ કોઈ સાહિત્ય કે ડોકયુમેન્ટ વાહનમાંથી મળી આવેલ હોય તેવુ બનેલ નથી.

(૯.૪) ત્યારબાદ, ફરીયાદ પક્ષે આંક–૪૬ થી સાહેદ નિકુલભાઈ મહેશભાઈ પટેલને તપાસવામાં આવેલ છે. સદરહુ સાહેદે પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે,

તા. ૧૨/૦૫/૨૨ નારોજ તેઓ જુનાગઢ એલસીબી માં એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન દિવાન ચોકમાં આવતા બાતમી મળેલી કે બે ઈસમો મોટર સાયકલ નં. જીજે–૩–એચ.એન–૩૭૦૮માં ગેર કાયદેસર દારૂનો જથ્થો લઈ જતા હોય બે પંચો રૂબરૂ પ્રાથમિક પંચનામુ કરી સ્ટાફ સાથે ગિરનાર દરવાજા પાસે વોચમાં રહેલા અને આ ઉપરોકત નંબરવાળુ બાઈક આવતા ઉભુ રાખી પંચો રૂબરૂ નામ પુછતા એકે વાહીદ અને બીજાએ આમીર જણાવેલ અને મોટર સાઈકલમાના થેલામાં તેમજ ડીકીમાં ચેક કરતા ભારતીય બનાવટનો વિદેશી દારૂની પેટી અને છુટી બોટલો મળી આવેલ જે અલગ અલગ બ્રાન્ડની હતી જે અંગે પાસ પરમીટ માગતા કોઈ આધાર પુરાવા રજુ કરેલા નહી. જેમા છુટી બોટલોમાં ૧) મેક ડોવેલ નં. ૧ ની ૭૫૦ એમ.એલ ની ૧૨ ૨) ઓલ સીઝન વ્હીસ્કીની ૭૫૦ એમ.એલ ની ૬ ૩) ગ્રેવીટી ૭૫૦ એમ.એલ. ની ૫. આમ કુલ બોટલો નંગ ૨૩ કિં.રૂ. ૯૨૦૦/– ગણી તેમજ તેની પાસેના ૪ મોબાઈલની કિં.રૂ.૧૧,૦૦૦/– ગણી તેમજ તેની પાસેનું મોટર સાઈકલની કિં.રૂ. ૨૫,૦૦૦/– ગણી કુલ ૪૫,૨૦૦/– નો મુદામાલ પંચો રૂબરૂ પંચનામાની વિગતે કબજે લઈ આરોપીઓને હસ્તગત કરવામાં આવેલ અને તેઓની સાથેના કરશનભાઈએ પોલીસ સ્ટેશનમાં આરોપી વિરૂધ્ધ પ્રોહી કલમ ૬૫ એએ મુજબનો ગુનો રજીસ્ટર કરવા ફરીયાદ આપેલ.

સદરહું સાહેદની બચાવપક્ષે આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ કે, બનાવવાળો વિસ્તાર જાહેર વિસ્તાર છે ત્યાં સતત વાહનોની અવર જવર રહે છે. વધુમાં સ્વીકારેલ છે કે તેઓની ફરીયાદમાં રેડ દરમ્યાન કયા વાહનમાં ગયેલા તે ખાનગી વાહન કોની માલિકીનુ હતુ તે વાહનના નંબર જણાવેલા નથી અને આ કામના આરોપીના નામનુ કોઈ સાહિત્ય કે ડોકયુમેન્ટ વાહનમાંથી મળી આવેલ હોય તેવુ બનેલ નથી.

(૯.૫) ફરિયાદ પક્ષે આંક–૪૭ થી સાહેદ જીતેષભાઈ હાજાભાઈ મારૂને તપાસવામાં આવેલ છે. સદરહુ સાહેદે પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા. ૧૨/૦૫/૨૨ નારોજ તેઓ જુનાગઢ એલસીબી માં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા ત્યારે સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન દિવાન ચોકમાં આવતા બાતમી મળેલી કે બે ઈસમો મોટર સાયકલ

નં. જીજે–૩–એચ.એન–૩૭૦૮માં ગેર કાયદેસર દારૂનો જથ્થો લઈ જતા હોય બે પંચો રૂબરૂ પ્રાથમિક પંચનામુ કરી સ્ટાફ સાથે ગિરનાર દરવાજા પાસે વોચમાં રહેલા અને આ ઉપરોકત નંબરવાળુ બાઈક આવતા ઉભુ રાખી પંચો રૂબરૂ નામ પુછતા એકે વાહીદ અને બીજાએ આમીર જણાવેલ અને મોટર સાઈકલમાના થેલામાં તેમજ ડીકીમાં ચેક કરતા ભારતીય બનાવટનો વિદેશી દારૂની પેટી અને છુટી બોટલો મળી આવેલ જે અલગ અલગ બ્રાન્ડની હતી જે અંગે પાસ પરમીટ માગતા કોઈ આધાર પુરાવા રજુ કરેલા નહી. જેમા છુટી બોટલોમાં ૧) મેક ડોવેલ નં. ૧ ની ૭૫૦ એમ.એલ ની ૧૨ ૨) ઓલ સીઝન વ્હીસ્કીની ૭૫૦ એમ.એલ ની ૬ ૩) ગ્રેવીટી ૭૫૦ એમ.એલ. ની ૫. આમ કુલ બોટલો નંગ ૨૩ કિં.રૂ. ૯૨૦૦/– ગણી તેમજ તેની પાસેના ૪ મોબાઈલની કિં.રૂ. ૧૧,૦૦૦/– ગણી તેમજ તેની પાસેનું મોટર સાઈકલની કિં.રૂ. ૨૫,૦૦૦/– ગણી કુલ ૪૫,૨૦૦/– નો મુદામાલ પંચો રૂબરૂ પંચનામાની વિગતે કબજે લઈ આરોપીઓને હસ્તગત કરવામાં આવેલ અને તેઓની સાથેના કરશનભાઈએ પોલીસ સ્ટેશનમાં આરોપી વિરૂધ્ધ પ્રોહી કલમ ૬૫ એએ મુજબનો ગુનો રજીસ્ટર કરવા ફરીયાદ આપેલ.

સદરહું સાહેદની બચાવપક્ષે આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ કે, બનાવવાળો વિસ્તાર જાહેર વિસ્તાર છે ત્યાં સતત વાહનોની અવર જવર રહે છે. વધુમાં સ્વીકારેલ છે કે તેઓના નિવેદનમાં રેડ દરમ્યાન કયા વાહનમાં ગયેલા તે ખાનગી વાહન કોની માલિકીનુ હતુ તે વાહનના નંબર જણાવેલા નથી અને આ કામના આરોપીના નામનુ કોઈ સાહિત્ય કે ડોકયુમેન્ટ વાહનમાંથી મળી આવેલ હોય તેવુ બનેલ નથી.

**<u>રેકોર્ડ ઉપર આવેલ પુરાવાઓનું મુલ્યાંકન</u>**

**(૧૦)** રેકોર્ડ ઉપર આવેલ મૌખીક અને લેખીત દસ્તાવેજનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદ પક્ષના કેસ મુજબ સદરહું કહેવાતા ગેરકાયદેસરના મુદામાલને આરોપીનાઓ પાસેથી પંચોની હાજરીમાં કબજે કરેલ છે જયારે આંક–૨૫ અને ૨૭ થી તપાસવામાં આવેલ પંચ સાહેદો ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ નથી અને તેઓએ જણાવેલ કે, તેઓને પંચનામા વિશે કોઈ માહિતી નથી. વધુમાં, નોંધનીય છે કે સદર કહેવાતા

મુદામાલને એફ.એસ.એલ. ખાતે મોકલી આપવામાં આવેલ હોવાનુ રેકોર્ડ પર આવેલ છે પરંતુ સદરહુ ગેર કાયદેસરના મુદામાલ સંદર્ભે કોઈ એફ.એસ.એલ.નો રીપોર્ટ પણ આ કામે રજુ રાખવામાં આવેલ નથી. વધુમાં, ફરીયાદપક્ષના કેસ મુજબ આ કામના આરોપીઓની ગાડીમાંથી સદરહુ મુદામાલ મળેલ હોવાનો આક્ષેપ પણ કરવામાં આવેલ છે પરંતુ સદરહુ કહેવાતી ગાડીની માલિકીનો અંગેનો કોઈ પણ દસ્તાવેજી કે અન્ય આધાર પુરાવો પણ અત્રેની કોર્ટ સમક્ષ રજુ રાખેલ નથી. વધુમાં, નોંધપાત્ર છે કે આ કામના અન્ય આરોપીઓએ હાલના બનાવમાં શું ભાગ ભજવેલ છે અને હાલના ગુનામાં તેઓ કઈ રીતે સંકળાયેલ છે તે દર્શાવતા કોઈ સધ્ધર અને સચોટ પુરાવા અત્રેની કોર્ટ સમક્ષ રજુ રાખવામાં આવેલ નથી.

આમ, ઉપરોકત તમામ સંજોગો અને રેકોર્ડ ઉપર આવેલ પુરાવાઓને ધ્યાને લેવામાં આવેતો ફરીયાદ પક્ષના કેસની મહત્વપુર્ણ અને અગત્યની વિગતોમાં વિસંગતતા અને નોંધપાત્ર શંકા જણાય આવે છે. ફરીયાદ પક્ષના કેસમાં જયારે નોંધપાત્ર શંકા જણાય આવતી હોય તો તેવા સંજોગોમાં તેનો લાભ આરોપી પક્ષને મળવા પાત્ર રહે છે. આમ, ફરીયાદ પક્ષનાઓ આરોપી સામેનો કેસ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં અસફળ નિવળેલ હોય મુદા નં.૧ નો જવાબ **નકારમાં** આપી મુદા નં.ર પરત્વે નીચે મુજબનો **આખરી હુકમ** કરવામાં આવે છે.

**-:: આખરી હુકમ ::-**

(૧) આ કામના આરોપી નં.૧ વાહીદ રજાકભાઈ કુરેશી, આરોપી નં.ર આમીર કારાભાઈ સાંધ, આરોપી નં.૩ શાહજવાઝશા દાઉદશા બાનવા રહેવાસી જુનાગઢ વાળાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-ર૭૧(૧) અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ-૬૫(એ)(એ), ૮૧, ૯૮(ર) મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(ર) આ કામના આરોપીઓના જામીનખત અને જાત મુચરકા રદ કરવામાં આવે છે અને આરોપીનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૧ મુજબ રૂા૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જાત જામીન અને જાત

મુચરકા રજૂ કરવાનો આદેશ આપવામાં આવે છે.

(૩) આ કામે મુદામાલ પાવતીની વિગતે કબજે લેવાયેલ કહેવાતા ગેરકાયદેસરનો મુદામાલ દારૂને અપીલ સમય બાદ નિયમાનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે. સદરહું મુદામાલ સંદર્ભે થયેલ હુકમની જાણ નામદાર ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીને કરવી.

(૪) આ કામના આરોપી નં.૩ આજરોજ અત્રેની કોર્ટ સમક્ષ હાજર નથી પરંતુ સદરહું આરોપીનાઓને ઉપરોકત ગુન્હા માથી નિર્દોષ છોડી દેવામાં આવેલ હોય ભારતીય નાગરિક સુરક્ષા સહિંતાની કલમ–૩૯૨(૬) ની જોગવાઈઓના અનુસંધાને તેઓની ગેરહાજરીમાં આજરોજ હુકમ જાહેર કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ **૩૦** મી માહે **જુન**, સને ૨૦૨૬ ના રોજ મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : જુનાગઢ,
તારીખ : ૩૦/૦૬/૨૦૨૬.

**(કર્ણ અજીત મારવાહા)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
જૂનાગઢ.
(GJ-01558)